# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ
(ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ અધિનિયમ નં. ૧૫/૨૦૨૩)
## BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH
[ Gujarat Public Universities Act No. 15/2023 ]


## પરિપત્ર:

**વિષય: યુવા આપદા મિત્ર યોજના સબંધીત પ્રશિક્ષણ માટે રા.સે.યો.ના સ્વયંસેવકના નામ મોકલવા બાબત.**
**સંદર્ભ: યુવા કાર્યક્રમ અને ખેલ મંત્રાલય, અમદાવાદ ના પત્ર ક્રમાંક પી.30/2025/રાસેયો/ગુજ/605 to 642 તા. 11 એપ્રીલ 2025**

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન જૂનાગઢ, ગીર સોમનાથ, પોરબંદર તેમજ દ્વારકા જીલ્લાની એન.એસ.એસ. યુનિટ ધરાવતી કોલેજોના આચાર્યશ્રીઓ તથા એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર્સને જણાવવાનું કે, રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ દ્વારા યુવા આપદા મિત્ર યોજના નામની નવી યોજનાને મંજૂરી આપવામાં આવી છે. જેનો ઉદ્દેશ્ય દેશના યુવા સ્વયંસેવકોને આપત્તિ તૈયારી અને આપત્તિ પ્રતિભાવમાં તાલીમ આપવાનો છે. આ યોજના હેઠળ, સ્વયંસેવકને NDRF, SDRF, અગ્નિશામક વિભાગ વગેરે જેવા આપત્તિ વ્યવસ્થાપન ક્ષેત્રના શ્રેષ્ઠ વ્યાવસાયિકો પાસેથી આપત્તિ વ્યવસ્થાપનની તાલીમ મળશે અને તે જ્ઞાન અને કૌશલ્ય પ્રત્યે મજબૂત સમર્પણ સાથે, સ્વયંસેવક આપત્તિ દરમિયાન નિઃસ્વાર્થપણે પોતાની સેવાઓ પ્રદાન કરી શકશે તે ઉદ્દેશ્ય સાથે NDRFએ સાત દિવસની તાલીમ ગોઠવવામાં આવેલ હોય તો આપની કોલેજના એન.એસ.એસ. યુનિટના સ્વયંસેવકો આ તાલીમમાં ભાગ લેવા ઈચ્છતા હોય તો સાથે સામેલ એક્સેલ સીટની લીંક ને ડાઉનલોડ કરી અને તેને ભરીને યુનિવર્સિટીને તા. 28/04/2025 સુધીમાં nss@bknmu.edu.in પર ઈમેઈલ કરી આપવાની રહેશે. તાલીમમાં સ્વયંસેવકોની અંતિમ પસંદગી યુનિવર્સિટી કક્ષાએથી કરવામાં આવશે.

માપદંડ:
1 રા.સે.યો.ના સ્વયંસેવકો હોવા જોઈએ.
2 ઓછામાં ઓછા 18 ની ઉંમર હોવી જોઈએ
3 શારીરિક, માનસિક અને ભાવાત્મક રીતે સક્ષમ હોવા જોઈએ

બીડાણ: આ એક્સેલ સીટની લીંક ને ડાઉનલોડ કરી તેને ભરીને ત્યારબાદ એક્સેલ ફાઈલને ઈ-મેઈલ કરવાનું રહેશે.
https://docs.google.com/spreadsheets/d/1H_OOQWjqPEKAZmK1mljCc6AybudYES5I/edit?usp=sharing&ouid=107008368013776057089&rtpof=true&sd=true

પ્રો. કો-ઓર્ડીનેટરશ્રી
એન.એસ.એસ. વિભાગ
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી
જુનાગઢ

ક્રમાંક/બીકેએનએમયુ/એન.એસ.એસ./52/2025
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,ગવર્મેન્ટ પોલીટેકનીક કેમ્પસ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ, ખડીયા, જુનાગઢ.
તા. 22/04/2025

પ્રતિ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન કોલેજો, એન.એસ.એસ. યુનિટ ધરાવતી તમામ કોલેજોના આચાર્યશ્રીઓ તથા એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર્સ તરફ.

નકલ રવાના જાણ અર્થે :
- માન. કુલપતિશ્રી / કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ.
- Ministry of Youth Affairs & Sports, NSS Regional Directorate, Ahmedabad- 380006
- આઈ.ટી. સેલ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ. (પરિપત્ર વેબસાઈટ પર અપલોડ કરવા)


સરકારી પોલીટેકનીક કેમ્પસ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જુનાગઢ–૩૬૨ ૨૬૩, ગુજરાત(ભારત)
ફોન નં.૦૨૮૫–૨૬૮૧૪૦૦ / ફેક્સ નં.૦૨૮૫–૨૬૮૧૫૦૩

Government Polytechnic Campus,
Bhakta Kavi Narsinh Mehta University Road,
Khadiya, Junagadh-362263 (Gujarat)
Ph: 0285-2681400 Fax: 0285-2681503

: www.bknmu.edu.in || nss@bknmu.edu.in